Extra No. 92 REGISTERED G/GNR/3

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, AUGUST 14, 1997/SRAVANA 23, 1919

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## PART I-A

## CENTRAL SECTION

**Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 14th August, 1997.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/74/1997/PRR/1097/850/D.—In exercise of the powers conferred by section 227 read with Section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) the Government of Gujarat hereby makes the following rules, namely:—

1. *Short title, commencement and application*:—

(1) These rules may be called the Gujarat Panchayats Services (Reservation and Posts for Women) Rules, 1997.

(2) They shall come into force at once.

(3) They shall apply to the filling up of posts by direct recruitment.

2. *Reservation of posts for women.*—Notwithstanding anything contained in any rules or orders relating to recruitment to panchayat service or in connection with the affairs of panchayats.—

(a) there shall be reserved in favour of women belonging to the Scheduled Castes thirty percent of the posts reserved in favour of such Castes ;

(b) there shall be reserved in favour of women belonging to the Scheduled Tribes thirty percent of the posts reserved in favour of such Tribes ;

(c) There shall be reserved in favour of women belonging to the Socially and Educationally Backward Classes thirty percent of the posts reserved in favour of such classes ; and

(d) there shall be reserved in favour of women thirty percent of the posts not being posts reserved in favour of the Scheduled Castes, Scheduled Tribes and Socially and Educationally Backward Classes.

*Explanation* : For the purposes of these rules:—

(a) "Scheduled Castes" means such castes, races or tribes or parts of groups within such castes, races or tribes as are deemed to be scheduled Castes in relation to the State of Gujarat under Article 341 of the Constitution of India.

(b) "Scheduled Tribes" means such tribes or tribal communities or parts of or groups within such tribes or tribal communities as are deemed to be Scheduled Tribes in relation to the State of Gujarat under Article 342 of the Constitution.

(c) "Socially and Educationally Backward Class" means such castes, classes or groups as are determined by the State Government as Socially and Educationally Backward Class under Government Resolution, Labour Social Welfare and Tribal Development Department No. BCR-10734-H, dated the 1st April, 1978, as amended from time to time.

By order and in the name of the Governor of Gujarat,

J. M. SUTARIA,
Under Secretary to Government.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૭૪/૧૯૯૭/પીઆરઆર/૧૦૯૭/૮૫૦/ડી.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧[illegible]ની કલમ ૨૭૪ સાથે વાંચતાં કલમ ૨૨૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પાડવા બાબત :—

(૧) આ નિયમો, ગુજરાત પંચાયત સેવામાં (સ્ત્રીઓ માટે જગાઓ અનામત રાખવા) બાબતના નિયમો, ૧૯૯૭ કહેવાશે.

(૨) તે, તરતજ અમલમાં આવશે.

(૩) તે, સીધી ભરતીથી જગાઓ ભરવાને લાગુ પડશે.

૨. સ્ત્રીઓ માટે જગાઓ અનામત રાખવા બાબત.—પંચાયત સેવામાં ભરતીને લગતા અથવા પંચાયતની બાબતોના સંબંધમાંના કોઈપણ નિયમો અથવા હુકમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,—

(ક) અનુસૂચિત જાતિની તરફેણમાં અનામત રાખેલી જગાઓના ત્રીસ ટકા જગાઓ આવી જાતિની સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવી જોઈશે;

(ખ) અનુસૂચિત આદિજાતિની તરફેણમાં અનામત રાખેલી જગાઓના ત્રીસ ટકા જગાઓ આવી જાતિની સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવી જોઈશે;

(ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તરફેણમાં અનામત રાખેલી જગાઓના ત્રીસ ટકા જગાઓ આવા વર્ગોની સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવી જોઈશે; અને

(ઘ) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તરફેણમાં અનામત રાખેલી જગાઓ ન હોય તેવી જગાઓના ત્રીસ ટકા જગાઓ સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવી જોઈશે.

સ્પષ્ટીકરણ : આ નિયમોના હેતુઓ માટે :—

(ક) "અનુસૂચિત જાતિ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજયના સંબંધમાં અનુસૂચિત જાતિઓ હોવાનું ગણેલ હોય તેવી જાતિઓ, કોમો અથવા આદિજાતિઓ અથવા તેવી જાતિઓ, કોમો અથવા આદિજાતિઓના અંદર આવતા જૂથોના ભાગો.

(ખ) "અનુસૂચિત આદિજાતિ" એટલે સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજયના સંબંધમાં અનુસૂચિત આદિજાતિ હોવાનું ગણેલ હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયો અથવા તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ સમુદાયોના અંદર આવતા ભાગો અથવા જૂથો.

(ગ) "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ" એટલે વખતો વખત સુધાર્યા પ્રમાણેના શ્રમ, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક : બીસીઆર-૧૦૭૩૪ એચ. હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે રાજય સરકારે નક્કી કરી હોય તેવી જાતિઓ, વર્ગો અથવા જૂથો.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. સુતરીયા,
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.